# Mission Sagar: India’s helping hand across the Indian Ocean

May 10, 2020

## મિશન સાગર: સમગ્ર હિન્દ મહાસાગરમાં ભારતની મદદગારી

મે 10, 2020

કોવિડ-19 મહામારીનો મુકાબલો કરવામાં સહાયતતા માટેની તેઓની વિનંતીઓનો પ્રતિભાવ આપતા, ભારત સરકારે બે તબીબી સહાયતા ટીમો, કોવિડ સંબંધિત મહત્વની દવાઓ અને જીવનજરૂરી ખાદ્યવસ્તુઓ સાથે એક ભારતીય નૌકા જહાજ કેસરી માલદિવ, મોરેશિયસ, માડાગાસ્કર, કોમોરોસ અને સેશેલ્સ તરફ રવાના કર્યું છે.

મોરેશિયસ અને કોમોરોસમાં તબીબી સહાયતા ટીમોને કાર્યરત કરવામાં આવશે, જે તેઓની સરકારોને કોવિડ ઈમર્જન્સી અને ડેન્ગ્યુ તાવ (કોમોરોસનાં કિસ્સામાં) પર કામગીરી હાથ ધરવામાં મદદ કરશે.

આ જહાજ મોરેશિયસ, માડાગાસ્કર, કોમોરોસ અને સેશેલ્સને કોવિડ સંબંધિત આવશ્યક દવાઓનો પૂરવઠો પહોંચાડશે અને આશરે 600 ટન ખાદ્યવસ્તુઓ માલદીવને પૂરી પાડશે. આ ઉપરાંત, મોરેશિયસનાં કિસ્સામાં, આયુર્વેદિક દવાઓની એક ખાસ ખેપ મોકલવામાં આવી રહી છે.

માડાગાસ્કર અને કોમોરોસ માટેનાં પૂરવઠાઓમાં હાઈડ્રોક્સીક્લોરોક્વિન ટેબ્લેટ્સનો પણ સમાવેશ થાય છે, જે અગાઉ મોરેશિયસ, માલદીવ અને સેશેલ્સ મોકલવામાં આવી છે.

આ પ્રાંતમાં પ્રથમ પ્રતિભાવ આપનાર તરીકેની તેની સમયસરની ભૂમિકાનાં અનુપાલનમાં, ભારતે કોવિડ-19 સંબંધિત મહત્વની દવાઓનાં પૂરવઠાઓ પહોંચાડીને માલદીવ, શ્રીલંકા, મોરેશિયસ અને સેશેલ્સ સરકારોનાં પ્રયાસોમાં સહાયતા કરી છે. આ મહામારી સામે લડવામાં માલદીવ સરકારને સહાયક બનવા અને તૈયાર રહેવા ચુનંદા તબીબી કર્મચારીઓની એક ટીમને પણ માલદીવ મોકલવામાં આવી હતી.

‘મિશન સાગર’ ની પ્રેરણા વડાપ્રધાનનાં વિઝન ‘SAGAR - સીક્યુરિટી એન્ડ ગ્રોથ ફૉર ઓલ ઈન ધ રીજન’ માંથી મળી છે.

**નવી દિલ્હી**
**મે 10, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.